*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

C

Sl. No. : 100346

# 207(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 45 પ્રશ્નો છે.

2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.

3) પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપો.

4) પ્રશ્નોની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.

5) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો છે. દરેક પ્રશ્ન માટે આપેલા વિકલ્પ પૈકી સાચો વિકલ્પ પસંદ કરી લખો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

1) હિસાબોની ખાસ હેતુ માટેની તપાસ ...

(A) ઓડિટિંગ

(B) વાઉચિંગ

(C) અન્વેષણ

2) નીચેનામાંથી કઈ પ્રક્રિયાને ઉત્પાદન ગણી શકાય ?

(A) દૂધમાંથી માવો બનાવવાની ક્રિયા

(B) કોટન વેસ્ટ શુધ્ધ કરવું .

(C) ફાનસમાં દિવેટ નાંખવી

3) આંતરિક અંકુશની પ્રથા કેવી હોવી જોઈએ ?

(A) કામચલાઉ

(B) પરિવર્તનશીલ

(C) જડ

4) 1-4-1958 થી કયો વેરો ઉઘરાવવામાં આવે છે ?

(A) બક્ષિસવેરો

(B) આવકવેરો

(C) સંપત્તિવેરો

5) હિસાબી ચોપડાઓનું ઓડિટ કરતી વખતે ઓડિટર જે કાગળોનો ઉપયોગ કરે છે તેને શું કહેવાય ?

(A) ઑડિટ નોંધપોથી

(B) ઑડિટરના કામકાજના કાગળો

(C) ઑડિટ કાર્યક્રમ

6) કંપની ઑડિટર ની શૈક્ષણિક લાયકાત કેટલી હોવી જોઈએ ?

(A) M.B.A.

(B) C.A.

(C) M.C.A.

7) સંપત્તિવેરો કોના દ્વારા ઉઘરાવવામાં આવે છે ?

(A) જાહેર કંપની

(B) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા

(C) કેન્દ્ર સરકાર

8) મુળ વ્યવહારના મૌલિક પુરાવાઓની તપાસ એટલે ....

(A) વાઉચિંગ

(B) ઑડિટિંગ

(C) અન્વેષણ

9) અમુક વ્યવહારોની તેમના ઉદ્ભવથી માંડીને છેવટ સુધીની તપાસ એટલે ...

(A) અંશતઃ ઑડિટ

(B) સંપૂર્ણ ઑડિટ

(C) ઉંડાણપૂર્વકનું ઑડિટ

10) આવકવેરો એ કયાં પ્રકારનો વેરો છે ?

(A) પ્રત્યક્ષ વેરો

(B) પરોક્ષ વેરો

(C) અન્ય વેરો

**નીચે આપેલા 11 થી 20 પ્રશ્નોના અતિ ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. [10]**

11) વેચાણવેરા સંદર્ભમાં 'ખેતી' શબ્દનો અર્થ આપો.

12) અણધારી તપાસ એટલે શું ?

13) ઉત્પાદન ન ગણાતી એક પ્રક્રિયા જણાવો.

14) વાઉચર એટલે શું ?

15) 2017-2018 માટે આકારણી વર્ષ જણાવો.

16) પડતર ઑડિટ એટલે શું ?

17) ઑડિટ કોણ કરે છે ?

18) કરદાતા એટલે શું ?

19) ઑડિટ નોંધપોથી એટલે શું ?

20) ઑડિટ અહેવાલ કોને ઉદ્દેશીને લખાયેલ હોવો જોઈએ ?

## વિભાગ - B

■ **નીચે આપેલા 21 થી 32 ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નોના 2 ગુણ છે. [24]**

21) આકસ્મિક આવક એટલે શું ?

22) કંપની ઑડિટર ને દૂર કરવાની જોગવાઈ જણાવો.

23) ઑડિટ કાર્યક્રમ એટલે શું ?

24) પ્લાન્ટ યંત્રોનું વાઉચિંગ કરતી વખતે ધ્યાનમાં લેવાના વાઉચરો જણાવો.

25) કંપની ઑડિટરની બે ગેરલાયકાતો જણાવો.

26) ચોખ્ખી સંપત્તિ એટલે શું ?

27) પરોક્ષવેરો એટલે શું ?

28) આંતરિક અંકુશના બે લક્ષણો જણાવો.

29) વેચાણવેરાના સંદર્ભમાં 'વેપારી' શબ્દનો અર્થ આપો.

30) ઓડિટિંગની બે મર્યાદા જણાવો.

31) આકારણી વર્ષ એટલે શું ?

32) પડતર ઓડિટના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતી બે વિગતો જણાવો.

## વિભાગ - C

■ **નીચેના 33 થી 35 ટૂંકા પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[9]**

33) ઓડિટરના ગુણો જણાવો.

34) પડતર ઓડિટના ફાયદા જણાવો.

35) માની લીધેલી બક્ષિસો જણાવો.

■ **નીચેના 36 થી 38 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેકના 4 ગુણ છે.** **[12]**

36) ઓડિટિંગ એટલે શું ? તેના લક્ષણો જણાવો.

37) કેન્દ્રીય વેચાણવેરા હેઠળના ગુના જણાવો.

38) ઓડિટરના કામકાજના કાગળોમાં સમાવેશ થતી વિગતો જણાવો.

## વિભાગ - D

■ **નીચેના 39 અને 40 પ્રશ્નના તફાવતી લક્ષી જવાબ લખો. દરેકના 4 ગુણ છે.** **[8]**

39) ઓડિટ અને અન્વેષણ વચ્ચેના તફાવતના ચાર ચાર મુદ્દા લખો.

40) આંતરિક અંકુશ અને આંતરિક ઓડિટ વચ્ચેના તફાવતના ચાર-ચાર મુદ્દા લખો.

■ **નીચે આપેલા 41 અને 42 નિબંધલક્ષી પ્રશ્નો છે. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[10]**

41) કંપની ઓડિટરની પાંચ સત્તાઓ જણાવો.

42) ઓડિટરે અહેવાલ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 43 અને 44 પ્રશ્નોના માંગ્યા પ્રમાણે જવાબ આપો. દરેકના 5 ગુણ છે.** **[10]**

43) કેન્દ્રીય વેચાણવેરા ધારાહેઠળ વેપારીને કરભરવાની જવાબદારીમાંથી મુક્તિ પ્રાપ્ત થાય તેવા પ્રસંગો જણાવો.

**અથવા**

ઓડિટ પ્રોગ્રામ ફાયદા-ગેરફાયદા જણાવો.

44) ગુજરાત વેચાણવેરા સંદર્ભમાં નીચેના શબ્દોની સમજૂતી આપો. (ગમે તે બે)

(1) ધંધા નું સ્થળ

(2) કમિશન એજન્ટ

(3) ફરીથી વેચાણ

**અથવા**

નીચેના વ્યવહારોનું વાઉચિંગ કરો. (ગમે તે બે)

(1) ડિરેક્ટર ફી

(2) પગાર

(3) કાનૂની ખર્ચા

■ **નીચે આપેલા પ્રશ્ન 45 ગણતરીનો છે. વિકલ્પ આંતરિક છે.** **[7]**

45) શ્રી શાલીન એક કંપનીમાં હિસાબનીશ તરીકે નોકરી કરે છે. તેની આવકની વિગતો નીચે પ્રમાણે છે :

(1) મૂળ પગાર માસિક રૂા: 8,000

(2) બોનસ મૂળપગારનાં 20%

(3) મોંઘવારી ભથ્થું પગારના 60%

(4) મનોરંજન ભથ્થું માસિક રૂા. 300

(5) માલિકનો માન્ય પ્રોવિડન્ડ ફંડમાં ફાળો મૂળપગારના 15%

(6) માન્ય પ્રોવિડન્ડ ફંડ પર ભેગી થયેલ રકમ પર 11% લેખે જમા થયેલું વ્યાજ રૂા. 11,000

(7) પોતાની જીંદગીના વિમાની પોલીસી પર ચુકવેલ પ્રિમિયમ રૂા. 5,000 તથા પોતાની પત્નીના જીંદગીના વિમાની પોલીસી પર ચુકવેલ પ્રિમિયમ રૂા. 3,000.

ગ્રોસ આવકની ગણતરી કરો તથા કેટલી રકમ વળતર તરીકે બાદ મળશે તે જણાવો.

**અથવા**

સંપત્તિવેરો એટલે શું ? સંપત્તિવેરામાંથી મુક્ત મિલકતો જણાવો.

◆◆◆